NHSRCL
National High Speed Rail Corporation Ltd.

GUJARAT MITRA, Surat, 19.5.2024
Page No. 10, Size:(13.63)cms X (15.40)cms.

**Surat bullet train railway station will have island platform, four platforms for four tracks**




# સુરતના બુલેટ ટ્રેન રેલવે સ્ટેશન પર આઈલેન્ડ પ્લેટફોર્મ, ચાર ટ્રેક માટે ચાર પ્લેટફોર્મ હશે

## બુલેટ સ્ટેશન એરપોર્ટ જેવું આધુનિક હશે અને તેમાં શોપિંગ, ફૂડ કોર્ટ સહિત તમામ સુવિધાઓ હશે



■ ઉપરોક્ત ફોટોમાં રેલવે સ્ટેશન બિલ્ડિંગનો અમદાવાદ તરફનો છેડો દેખાય છે અને ત્યાં થોડો વળાંક હોવાથી આ બિલ્ડિંગને હીરાનો આકાર આપવામાં સરળતા રહેશે.

સુરતઃ મુંબઈ-અમદાવાદ વચ્ચે દેશનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ બુલેટ ટ્રેનનું કામ પૂરઝડપે ચાલી રહ્યું છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં કામ બુલેટ ટ્રેનની ગતિથી ચાલતું હોય એવું લાગી રહ્યું છે. સુરતના બુલેટ રેલવે સ્ટેશનની બિલ્ડિંગનું માળખું તૈયાર થઈ ગયું છે. ત્રણ વર્ષ બાદ અહીંથી ટ્રેન દોડતી થઈ જશે.

સુરત બુલેટ રેલવે સ્ટેશન પર ચાર પ્લેટફોર્મ બનનાર છે કારણ કે અહીંથી પસાર થનારી તમામ ટ્રેનોને સુરતમાં સ્ટોપેજ આપવામાં આવનાર છે. હાલ 10 કાર અને પછી 13 કારની ટ્રેન દોડાવવાની યોજના છે. સુરતનું સ્ટેશન તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે. જોકે ટ્રેન માત્ર મુખ્ય સ્ટેશનો પર થોભશે મુંબઈથી અમદાવાદનું 508 કિલોમીટરનું અંતર 2 કલાક અને 9 મિનિટમાં પૂર્ણ કરશે. હાલ ટ્રેકની ડિઝાઈન એવી બનાવી છે કે ટ્રેન પ્રતિ કલાકે 350 કિલોમીટરની ઝડપે દોડશે. સુરત રેલવે સ્ટેશન પર તમામ ટ્રેનો થોભશે એટલે ત્યાં ચાર પ્લેટફોર્મ બનાવવામાં આવ્યા છે. જેમને આઈલેન્ડ પ્લેટફોર્મ કહેવામાં આવે છે. સુરત સ્ટેશનનું જે માળખું તૈયાર થયું છે તેમાં કોનકોર્સ એરિયા લગભગ તૈયાર થઈ ગયો છે. સેન્ટ્રલ એસી કોનકોર્સ એરિયામાં બે હજારથી લઘુ લોકો એક સાથે રહી શકશે. ઉપરાંત ગ્રાઉન્ડ ફલોરનું માળખું પણ તૈયાર થઈ ગયું છે. સુરત બુલેટ સ્ટેશન એરપોર્ટ જેવું આકર્ષક અને અત્યાધુનિક હશે. જ્યાં શોપિંગ માટે દુકાનો હશે. ફુડ કોર્ટ હશે. પાર્કિંગ માટે વિશાળ જગ્યા છે.




■ બુલેટ સ્ટેશન બિલ્ડિંગ સંપૂર્ણ કાર્યરત થશે. ત્યાર બાદ પ્રવાસીઓ ફોટોમાં દેખાય છે ત્યાંથી સ્ટેશન પર પ્રવેશ કરશે.

